| | |
|---|---|
| દાખલ તારીખ:– | ૧૭/૧૨/૨૦૧૯ |
| રજીસ્ટર તારીખ:– | ૧૭/૧૨/૨૦૧૯ |
| ફેસલ તારીખ:– | ૦૬/૦૩/૨૦૨૬ |
| સમય ગાળો:– | વર્ષ– માસ–દિવસ |
| | ૦૬– ૦૨ –૧૭ |

**<u>મે. વસોના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડી મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં, મુ.વસો.જી.ખેડા–નડીયાદ</u>**

**<u>રેગ્યુ. દિવાની મુકદમા નંબર :–પર/૨૦૧૯</u>**

**આંક:–**

**વાદીઓ :–** પટેલ સંજયકુમાર કાંતીભાઇ,
ઉ.વ.આ.૪૭, ધંધો–ખેતી
રહે.પટેલ નગર, મુ.ખાંધલી, તા.વસો, જી.ખેડા

**વિરુધ્ધ**

**પ્રતિવાદીઓ:–**(૧) રાકેશકુમાર ચીમનભાઇ પટેલ,
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
(૨) પ્રકાશકુમાર ચીમનભાઇ પટેલ,
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
બંન્ને રહે. પટેલ નગર, મુ.ખાંધલી, તા.વસો, જી.ખેડા

**<u>દાવો:– દાવો રૂા.૧૦૦૦/– ના આંકથી જાહેરાત તથા જાથુના મનાઇ હુકમ અંગેનો</u>**

---

વાદી તરફે વિ.વકીલ શ્રી : આર.બી.પ્રજાપતી, એસ.એમ.મલેક
પ્રતિવાદી તરફે વિ.વકીલ શ્રી : એન.જી.ભટ્ટ, પી.યુ.ઢગટ

---

**–: ઠરાવ :–**

(૧) આ કામે વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી તથા પ્રતિવાદીઓ ગુજરનાર મગનભાઈ નરોત્તમભાઈ પટેલના સીધીલીટીના વારસો છે અને ઉપરના સરનામે રહેતા આવેલ છે. મોજે ગામ ખાંધલી તા. વસો ના રેવન્યુ સર્વે નં. ૬૧૯ ખાતા નં. ૧૦૩ જેનું ક્ષે.હે. ૦–૭૫–૮૮ આરે. વાળી જમીન વડીલોપાર્જીત આવેલ જે હાલ રેવન્યુ રેકર્ડ પર પ્રતિવાદીના નામજોગ ચાલે છે. તે જમીન પૈકી ૦–૨૪–૦૦ ગુંઠા વાળી જમીન વાદીના પિતા કાંતીભાઈ મગનભાઈના હિસ્સે ફેરફાર નોંધ નં. ૧૪ તથા ૧૫ થી તા. ૨૦/૧૧/૮૨ ના રોજ વહેંચણી થયેલ ત્યારથી આવેલ અને તેમના પિતા જીવ્યા ત્યાં સુધી ઉપરોકત જમીન જાતે ખેતી વાવી ઉત્પન્ન લેતા હતા અને તેમના અવસાન બાદ વાદી જાતે ખેડી વાવી ઉત્પન્ન લે છે. જેના ખુંટવર્ણન નીચે મુજબ છે. જે આ દાવાની તકરારી વિષય વસ્તુ છે.

પુર્વે :–રસીકભાઈ મોતીભાઈની જમીન આવેલી છે.

પશ્ચિમે:– વાદીની સર્વે નં. ૬૧૯/અ ની જમીન આવેલ છે

ઉત્તરે:–રાકેશભાઈ ચીમનભાઈની મિલકત છોડી સરકારી નાળ આવેલ છે.

દક્ષિણે:–પ્રતિવાદીઓની અન્ય જમીન આવેલી છે.

ઉપરોકત ચાર ખુંટ વચલી મિલ્કત એ આ દાવાની તકરારી વિષય વસ્તુ છે.

ગુજરનાર મગનભાઈ નરોત્તમભાઈને સંતાનમાં ૪ દિકરા હતા જેમાં (૧) ચીમનભાઈ મગનભાઈ (૨) કાંતીભાઈ મગનભાઈ (૩) લલ્લુભાઈ મગનભાઈ તથા (૪) જશભાઈ મગનભાઈ જેઓની વચ્ચે વડીલોપાર્જીત મિલ્કતોની તા. ૨૦/૧૧/૧૯૮૨ ના રોજ પડેલ જે તા. ૨૩/૦૩/૧૯૮૩ ના રોજ પ્રમાણીત થયેલ અને તે મુજબ આશરે ૩૭ વર્ષ પહેલાથી વહેંચણી મુજબ દરેક હિસ્સેદાર જમીન ખેડી વાવી ઉત્પન્ન લેતા આવેલ છે અને હાલ પણ દરેક ખાતેદારે વહેંચણી મુજબ કબજો જાળવી રાખી રેવન્યુ રેકર્ડ પર નામ પણ ચઢાવી દીધેલ છે તે જ રીતે વાદીના પિતાએ પણ રેવન્યુ સર્વે નં. ૪૮, ૪૯, ૫૧, ૬૧૯/અ, ૯૬૫, ૬૧૯ ખાતા નં. ૧૦૩ વાળી જમીનના હિસ્સા પૈકી ૦–૨૪–૦૦ ગુંઠા જમીન સહિયારી આવેલ અને નામ દાખલ કરેલ નહી પરંતુ કબજો ભોગવટો વાદીના પિતા હાલમાં અવસાન પામતા વાદીએ જાળવી રાખેલ છે અને ચોમાસુ સીઝન પુરી કરી તમાકુનુ વાવેતર કરેલ છે જયારે બાકી રહેલી જમીનમાં પ્રતિવાદીએ ઘઉંનુ વાવેતર કરેલ છે.

વધુમાં જણાવે છે કે, આ કામના પ્રતિવાદીઓ હાલમાં વાદીના પિતાનું અવસાન થતા દાવાવાળી મિલ્કત પર આવી તેઓને હવેથી આ જમીનમાં પ્રવેશ નહી કરવા ધમકી આપી રેકર્ડ પર અમારા નામ ચાલતા હોય હાલથી ખેતર ખેડવુ નહી તેવી ધમકીઓ આપી વાદીના તમાકુના પાકને ટ્રેકટરથી ખેડી નાખવાની ધમકીઓ આપતા તે બાબતે પ્રતિવાદીને સમજાવ્યા છતાં પ્રતિવાદીઓએ વહેંચણી કરારની વાતો નહી માની વાદીનો કબજો ભોગવટો પડાવી લેવાના જાશા ઉચ્ચારતા અને પ્રતિવાદીઓ ભારે પૈસાપાત્ર અને જુથબળવાળા હોય ગમે ત્યારે વાદીના વર્ષોના શાંત, નિર્ભય કબજા ભોગવટામાં હેલો હરકત કરતા અટકે તેમ ન હોય હાલનો દાવો કરવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે.

વધુમાં જણાવે છે કે, આ કામના પ્રતિવાદીઓએ હાલમાં અઠવાડિયા પર દાવાવાળી મિલ્કત પર આવી ૦–૨૪–૦૦ ગુંઠામાં વાદીએ કરેલ તમાકુના પાકને ખેડી નાખી તેમના કબજામાં ભેળવી દેતા જાસા ઉચ્ચારતા અને ખેતરમાં હવેથી પગ નહીં મુકવા ધમકીઓ આપી ત્યારથી તેમજ તે અંગે પ્રતિવાદીને સમજાવતા પ્રતિવાદીઓ એક ના બે નહી થતા અને ગમે ત્યારે કાયદો હાથમાં લઈ વાદીની કબજા વાળી વારસાઈથી મળેલ મિલ્કત પડાવી લે તેમ હોય જે અટકાવવા હાલનો દાવો કરવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે. તેમ જણાવી દાવા અરજીનાં પેરા–પ માં (અ) થી (ડ) સુધીની નીચે મુજબની દાદ માંગેલ છે. (અ) મોજે ગામ ખાંધલી તા. વસોના સર્વે નં. ૬૧૯ જેનું ક્ષેત્રફળ હે.૦–૭પ–૮૮ આરે. વાળી જમીન પૈકી ૦–૨૪–૦૦ ગુંઠા જમીન વાદીની વહેંચણીથી કાયદેસર કબજા ભોગવટાની આવેલ છે તેમ ઠરાવો. (બ) આ કામના પ્રતિવાદી દાવાવાળી મિલ્કતમાં વાદીને ખેતી કરતા, જતા આવતા, પ્રવેશ કરતા રોકે રોકાવે નહી કે કબજામાં પ્રવેશ કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવશોજી. (ક) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવશોજી. (ડ) દાવા અનુરૂપ અન્ય દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) વાદીના દાવાના સમન્સ/નોટીસો પ્રતિવાદીઓને બજી જતા પ્રતિવાદીનાઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઇ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો લેખીત જવાબ આંક–૧૨ થી રજુ કરેલ છે અને વાદીની દાવા અરજીમાં જણાવેલ હકીકતો ખરી ન હોવાનુ જણાવી, ખરી હકીકતે જણાવેલ છે કે, અમો પ્રતિવાદીઓના દાદા ગુજરનાર મગનભાઈ નરોત્તમભાઇ પટેલના અવસાન થયા બાદ તેમના નામે ચાલતી તમામ જમીનોની વહેંચણી તેમના ચારેય વારસદારો વચ્ચે ફેરફાર નોંધ નં.૧૪ તથા ૧પ થી

તા.૨૦/૧૧/૧૯૮૨ ના રોજ થયેલ હતી. જેની નકલ વાદીના રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટના અનુક્રમ નંબર.૪ થી રજુ છે. તેની નકલ સદર જવાબ સાથે રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટના અનુક્રમ નં.૧ તથા અનુક્રમ નં.૨ થી રજુ છે. પ્રતિવાદીઓના પિતાજી શ્રી ચીમનભાઈ મંગળભાઇ પટેલના અવસાન બાદ પ્રતિવાદીઓ નામે રાકેશભાઈ ચીમનભાઈ પટેલ, પ્રકાશભાઈ ચીમનભાઇ પટેલ તથા પ્રતિવાદીના બહેન નામે નિમિષાબેન ચીમનભાઈ પટેલ તથા માતા નામે કૈલાસબેન ચીમનભાઈ પટેલનાઓના નામ વારસાઈ નોંધ નં.૧૩૬૮ થી સદર દાવાવાળી મિલકતમાં દાખલ થયેલ હતા અને ફેરફાર નોંધ નં.૧૩૬૯ થી તેમની બહેને નામે નિમિષાબેન ચીમનભાઈ પટેલ દાવાવાળી મિલકતમાંથી રાજી ખુશીથી હક્ક પ્રતિવાદીઓ અને તેમની માતાની તરફેણમાં બીનઅવેજી જતો કરેલ છે. જેથી સદર દાવાવાળી જમીનના ટાઇટાલ પ્રતિવાદીઓ અને તેમની માતાનું નામ વારસાઇથી દાખલ થયેલ છે. સદર નોંધ નં.૧૩૬૮ અને નોંધ નં.૧૩૬૯ ની નોંધની પ્રમાણીત નકલ સદર જવાબ સાથે રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટના અનુક્રમ નં.૩ થી રજુ છે.સદર વાદીના રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટના અનુક્રમ નંબર.૪ તે પ્રતિવાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટના અનુક્રમ નં.૨ ને જોતાં, ફેરફાર નોંધ નં.૧૫ તે વહેંચણી કરાર છે. સદર વહેંચણી કરાર વાંચતા. ચીમનભાઇના ભાગે આવતી જમીનોમાં પ્રથમ જમીન સદર મોજે ખાંધલી, તા. વસો ખાતે આવેલ રેવન્યુ સર્વે નં.૬૧૯, ક્ષેત્રફળ ૦–૭૫–૮૮ વાળી તથા બીજા ક્રમે રેવન્યુ સર્વે નં. ૭૯૩–અ, ક્ષેત્રફળ ૦–૦૪–૦૫ વાળી જમીન તેમજ ત્રીજા ક્રમે રેવન્યુ સર્વે નં.૭૯૫, ક્ષેત્રફળ ૦–૧૭–૧૯ મળી કુલ ક્ષેત્રફળ ૦–૯૭–૧૨ વાળી જમીનો પ્રતિવાદીઓના પિતાશ્રી નામે ચીમનભાઈ મગનભાઈ પટેલના ભાગે આવેલ છે જે સ્પષ્ટપણે લખેલ છે. સદર મગનભાઈના વારસો વચ્ચે થયેલ જમીનની વહેંચણીની નોંધ નંબર.૧૫ માં ક્યાંય પણ વાદીના પિતા કાંતીભાઇને રેવન્યુ સર્વે નં.૬૧૯, ક્ષેત્રફળ ૦–૭૫–૮૮ વાળી જમીનમાંથી ૨૪ ગુંઠા જમીન આપેલ હોય તેવું દર્શાવેલ નથી. જેથી વાદીના દાવાની પેરા નં.૧ ની સોગંદ ઉપર કરેલ રજુઆત કે, 'મોજે ગામ ખાંધલી તા.વસોના રેવન્યુ સર્વે નં.૬૧૮ ખાતા નં.૧૦૩ જેનું ક્ષેત્રફળ ૦–૭૫–૮૮ હે.આરે.ચો.મી વાળી જમીન વડીલો પાર્જીત આવેલ તે જમીન પૈકી ૦–૨૪–૦૦ ગુંઠા વાળી જમીન વાદીના પિતા કાંતીભાઈ મગનભાઈના હિસ્સે ફેરફાર નોંધ નં.૧૪ તથા ૧૫ થી તા.૨૦/૧૧/૮૨ ના રોજ વહેંચણી થયેલ ત્યારથી અને અમારા પિતા જીવ્યા ત્યાં સુધી ઉપરોક્ત જમીન જાતે ખેતી વાવી ઉત્પન્ન લેતા હતા અને તેમના અવસાન

બાદ અમો વાદી જાતે ખેડી વાવી ઉત્પન્ન લઇએ છીએ." તેવી તદ્દન ખોટી રજુઆત કરેલ છે અને સદર હકીકતો વાદી પક્ષે રજુ થયેલ હકીકતો અને દસ્તાવેજી પુરાવાના લીસ્ટના અનુક્રમ નં.૪ ની વિરુધ્ધની હકીકત છે. સદર ફેરફાર નોંધ નં.૧૫ તે વહેંચણી કરાર વાંચતા, ચીમનભાઇના ભાગે આવતી જમીનોમાં પ્રથમ જમીન સદર મોજે ખાંધલી, તા. વસો ખાતે આવેલ રેવન્યુ સર્વે નં. ૬૧૯, ક્ષેત્રફળ ૦–૭૫–૮૮ વાળી રજુ નકશા મુજબની આખી "L" આકારની જમીન આવેલ છે. સદર દાવાના વાદીએ સદર જમીન પૈકી ૨૪–૦૦ ગુંઠા માટે દાવા અરજી તથા મનાઈ અરજી કરેલ છે. સદર ૨૪–૦૦ ગુંઠા જમીન હવેથી સદર જવાબમાં સદર દાવાવાળી જમીન તરીકે ઓળખાશે. સદર જવાબ સાથે રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટના અનુક્રમ નં. ૪ થી સદર દાવાવાળી જમીનનો નકશો સામેલ રાખેલ છે.

વધુમાં જણાવેલ છે કે, સદર દાવાવાળી જમીન સને ૧૯૮૨ થી ચીમનભાઈ મગનભાઈ પટેલ તે પ્રતિવાદીઓના પિતાજીની અને તેમના અવસાન બાદ પ્રતિવાદીઓ જાતે ખેડી વાવી છેલ્લા ૩૭ વર્ષથી વધુ સમયથી પ્રતિવાદીઓના પિતા તથા તેમના અવસાન બાદ પ્રતિવાદીઓ જાતે ખેડી, વાવી ઉત્પન્ન લીધેલ છે અને આજે પણ લઇ રહ્યા છીએ. સદર દાવાવાળી જમીનની સને ૧૯૮૨ થી સને ૨૦૨૦ સુધી અને આજ રોજ પણ પ્રતિવાદીઓની છે. જે બાબતે સને ૧૯૮૨ થી સને ૨૦૨૦ સુધીની ગામ નમુના નંબર ૭ તથા ગામ નમુના નંબર.૧૨ અને ગામ નમુના નં.૮ ની નકલો સદર જવાબ સાથે રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટના અનુક્રમ નં.૫, ૬, ૭, ૮, ૯ તથા ૧૦ થી રજુ છે. પ્રતિવાદીના પિતાજી ચીમનભાઈ મગનભાઈના પટેલના ભાગે આવેલ સદર દાવાવાળી આખી જમીન જે ફેરફાર નોંધ નં.૧૫ થી તા.૨૦/૧૧/૮૨ ના રોજ વહેંચણી થઇ ત્યારથી તેમના પિતા ચીમનભાઈ મગનભાઈના પટેલ જીવ્યા ત્યાં સુધી જાતે ખેતી કરી, વાવી પોતે જીવતા હતા ત્યાં સુધી ઉત્પન્ન લેતા હતા અને તેમના અવસાન બાદ આજ દીન સુધી પ્રતિવાદીઓ જાતે ખેડી, વાવી, ઉત્પન્ન લઇએ છીએ.તા.૨૦/૧૧/૧૯૮૨ ના રોજથી પ્રતિવાદીના પિતા અને તેમના મૃત્યુ બાદ પ્રતિવાદીઓ સદર જમીન જાતે ખેતી કરી વાવી ઉત્પન્ન લેતા આવેલ છે. ત્યારથી સદર જમીનનું મહેસુલ અને શિક્ષણ કર પણ ભરતા આવેલ છીએ. તેની નકલ સદર જવાબ સાથે રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટના અનુક્રમ નં.૧૧ થી ૬૧ (કુલ નંગ–૫૧) થી રજુ છે. વાદીએ તેઓની દાવા અરજીમાં જણાવેલ ખુંટ વર્ણન ખોટું છે અને પ્રતિવાદીના પિતાના ભાગે આવેલ સદર દાવાવાળી જમીનનું સાચું ખુંટ વર્ણન નીચે મુજબ છે.

પુર્વે:– રસીકભાઇ મોતીભાઈની જમીન સર્વે નં. ૬૧૮ આવેલ છે.

પશ્ચીમે:–સુંદર દાવાના વાદીની સર્વે નં. ૬૧૯/અ વાળી જમીન

તથા જયેશભાઇ ચંદુભાઇની જમીન આવેલ છે.

ઉત્તરે:–સરકારી નાળ આવેલી છે.

દક્ષીણે: અમો પ્રતિવાદીઓની સર્વે નં.૬૨૦ ની જમીન આવેલ છે.

સદર દાવા અરજીના પેરા નંબર.૨ માં જણાવેલ હકીકતો મુજબ "ગુજરનાર મગનભાઈ નરોત્તમભાઈ ને સંતાનમાં ૪ દિકરા હતા જેમાં (૧) ચિમનભાઇ મગનભાઇ (૨) કાંતીભાઇ મગનભાઈ (૩) લલ્લુભાઇ મગનભાઇ (૩) જશભાઇ મગનભાઇ જેઓની વચ્ચે વડીલોપાર્જીત મિલકતોની તા.૨૦/૧૧/૧૯૮૨ ના રોજ પડેલ જે તા.૨૩/૦૩/૧૯૮૩ ના રોજ પ્રમાણીત થયેલ અને તે મુજબ આશરે ૩૭ વર્ષ પહેલાથી વહેંચણી મુજબ દરેક હિસ્સેદાર જમીન ખેડી વાવી ઉત્પન્ન લેતા આવેલ છે અને હાલ પણ દરેક ખાતેદારે વહેંચણી મુજબ કબજો જાળવી રાખી રેવન્યુ રેકર્ડ પર નામ પણ ચઢાવી દીધેલ છે. સદર હકીકત મુજબ પ્રતિવાદીના પિતાજી ચીમનભાઈ મગનભાઈના પટેલના ભાગે આવેલ સુંદર દાવાવાળી જમીનની ફેરફાર નોંધ ન.૧૫ થી તા.૨૦/૧૧/૮૨ ના રોજ વહેંચણી થયેલ ત્યારથી આજ દીન સુધી એટલે કે આશરે ૩૭ વર્ષ પહેલાથી થયેલ વહેંચણી મુજબ જમીનોમાં પ્રથમ જમીન સદર મોજે ખાધલી, તા. વસો ખાતે આવેલ રેવન્યુ સર્વે નં. ૬૧૯, ક્ષેત્રફળ ૦–૭૫–૮૮ વાળી તથા બીજા ક્રમે રેવન્યુ સર્વે નં. ૭૯૩–અ, ક્ષેત્રફળ ૦–૦૪–૦૫ વાળી જમીન તેમજ ત્રીજા ક્રમે રેવન્યુ સર્વે નં. ૭૯૫, ક્ષેત્રફળ ૦–૧૭–૧૯ મળી કુલ ક્ષેત્રફળ ૦–૯૭–૧૨ જમીન પ્રતિવાદીઓના પિતાશ્રી ચીમનભાઈ મગનભાઈ પટેલના ભાગે આવેલ છે ત્યારથી પ્રતિવાદીઓના પિતાજી ચીમનભાઇ મગનભાઇ પટેલ જીવ્યા ત્યાં સુધી ખેડૂત હક્ક, માલીકી હક્ક અને કબજો–ભોગવટો ધરાવતા હતા અને જાતે ખેતી કરી વાવી ઉત્પન્ન લેતા હતા અને તેમના અવસાન બાદ પ્રતિવાદીઓ આજ દીન સુધી ખેડુત હક્ક. માલીકી હક્ક અને કબજો–ભોગવટો ધરાવે છે અને જાતે ખેડી વાવી ઉત્પન્ન લે છે. સદર દાવાવાળી જમીનના પ્રતિવાદીના પિતા ખેડૂત હોવા બાબતે પ્રતિવાદીઓના પિતા ચીમનભાઈ મંગળભાઈ પટેલના નામની ખેડુતપોથીની નકલ સદર જવાબ સાથે રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટના અનુક્રમ નં.૬૨ થી રજુ છે. પ્રતિવાદીઓ સદર દાવાવાળી જમીનમાં સને ૧૯૮૨ થી આજ દીન સુધી પ્રતિવાદીઓ આજ દીન સુધી ખેડુત હક્ક,

માલીકી હક્ક અને કબજો–ભોગવટો ધરાવે છે અને જાતે ખેડી વાવી ઉત્પન્ન લે છે. સદર દાવાવાળી જમીનમાં ગયા વર્ષે જાતે ખેડી, વાવી ગયા વર્ષમાં ઘઉં તથા ડાંગર વાવેલ હતી તેમજ ચાલુ વર્ષે જાતે ખેડી, વાવી ઘઉં તેમજ તમાકુ જાતે ખેડીને વાવેલ છે, જેનાં બિયારણ તથા ખાતરનાં બીલ સદર જવાબ સાથે રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટના અનુક્રમ નં. ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭ તથા ૬૮ થી રજુ છે. પ્રતિવાદીઓએ જાતે ખેડી અને વાવેલ તમાકુ ઉપર વાદીએ ટ્રેક્ટર ફેરવી દેવાની ધમકી આપેલ અને પ્રતિવાદીઓએ જાતે ખેડી, વાવી રોપેલ તમાકુના પાકને વાદીએ નુકશાન કરવા પ્રયત્ન કરેલ હતો. તેમજ વાદીને પ્રતિવાદીઓએ ખેડી, વાવી અને રોપેલ તમાકુના પાક ઉપરથી જવા–આવવા માટેના રસ્તા બાબતે તકરાર થયેલ હતી. જે તકરારની અદાવત રાખીને વાદીએ આ ખોટો દાવો દાખલ કરેલ છે. જો વાદીના દાવાના કારણમાં જણાવ્યા પ્રમાણે જો પ્રતિવાદીઓએ તમાકુના પાકને ખેડી નાખેલ હોત તો પંચનામા સમયે પ્રતિવાદીઓએ જાતે ખેડીને વાવેલ તમાકુનો ખેતીનો પાક ક્યાંથી હયાત હોત? જેથી વાદીને દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલ નથી. જેથી સદર દાવો તથા મનાઈ અરજી ડીસમીસ થવાને પાત્ર છે. વધુમાં નામદાર કોર્ટે નીમેલ કોર્ટ કમિશ્નર અધીકારીશ્રી પંચનામું કરવા આવેલ તે સમયે પ્રતિવાદિઓના ખાટલાને વાદીએ પોતાનો ખાટલો કહેલ હતો અને લગભગ ૧૫ થી ૨૦ માણસોનું જુથબળ ભેગું કરી તેમના પક્ષની રજુઆત કરતા રોકેલ અને બાજુએ લઈ જઈ ધાક ધમકી આપેલ હતી. આ અગાઉ પ્રતિવાદીઓની, વાદીની કે તેમના ખેતર પાડોશીઓની જમીનો કે આજુ બાજુની કોઈ પણ જમીન ઉપર ક્યારેય જોયેલા નહી એવા કોઈ અજાણ્યા ઈસમને બોલાવી એવી ખોટી રજુઆત કરેલ કે સદર દાવાવાળી જમીન તે અજાણ્યા ઈસમ ખેડે છે, તેવી ખોટી હકીકતો પંચનામા સમયે જણાવેલ હતી અને સદર બાબતનો પ્રતિવાદીઓએ વિરોધ કરતાં પ્રતિવાદીઓને બાજુ ઉપર લઈ જઈને તે અજાણ્યા શખ્સે પ્રતિવાદીઓ ઉપર ખોટી એટ્રોસીટીની ફરીયાદ દાખલ કરવા માટે ધમકી આપેલ હતી. આ કામના વાદીએ તેમની જમીન ઉપર ખોટી રીતે કબજો સાબીત કરવા માટે ચા પીવડાવવાના બહાને ડોલચું લઈ આવેલ હતા અને પ્રતિવાદીની છેલ્લા ૩૭ વર્ષની માલીકી તથા કબજા ભોગવટા વાળી સદર દાવાવાળી જમીન ઉપર ખોટો કબજો સાબીત કરવા ખોટો પ્રયત્ન કરેલ હતો. વધુમાં વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટને જોતાં વાદીએ દાવાવાળી જમીનને અનુલક્ષીને એક પણ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને વાદી પક્ષકારને તેઓએ માગેલ દાદ અનુસાર સી.પી.સી. કલમ–૭(૧૧) હેઠળ પક્ષકારનો

બાધ નડે છે. સદર ગામ ખાંધલી તા.વસોના રેવન્યુ સર્વે નં.૬૧૯ ખાતા નં.૧૦૩ જેનું ક્ષેત્રફળ ૦–૭૫–૮૮ હે.આરે.ચો.મી વાળી આખી ‘’L’’ આકારની જમીનના રેવન્યુ રેકર્ડના ટાઇટલમાં કૈલાસબેન ચીમનભાઇની વિધવા, રાકેશકુમાર ચીમનભાઈ તથા પ્રકાશકુમાર ચીમનભાઈનાં નામ ચાલે છે અને દાવા અરજીમાં માત્ર રાકેશકુમાર ચીમનભાઇ તથા પ્રકાશકુમાર ચીમનભાઈને પક્ષકાર તરીકે જોડેલ છે. જ્યારે કૈલાસબેન તે ચીમનભાઈની વિધવાને જોડેલ નથી જે વાદીએ માગેલ દાદ મુજબ જરૂરી પક્ષકાર છે. તેમજ સુંદર દાવાના વાદી નામદાર કોર્ટ સમક્ષ દાવો સ્વચ્છ હાથે લઇને આવેલ નથી. વધુમાં દાવાવાળી જમીનનું ખુંટ વર્ણન પણ ખોટું દર્શાવેલ છે. જેથી વાદીએ માગેલ દાદ મુજબ વાદીને સી.પી.સી. કલમ–૭(૧૧) હેઠળ પક્ષકારનો બાધ નડતો હોઇ, સદર દાવો ડીસમીસ કરવા મહેરબાની કરશોજી. પ્રતિવાદીઓના પિતાજીએ સુંદર દાવાવાળી જમીન ઉપર ખાંધલી સેવા સહકારી મંડળી પાસેથી નોંધ નં.૧૦૮૮ થી રૂા.૩,૦૦૦ નોંધ નં. ૧૩૩૪ થી રૂા.૭,૦૦૦, નોંધ નં. ૧૭૦૮ થી રૂા.૧૫,૦૦૦, નોંધ નંઢ ૨૦૩૩ થી રૂા. ૨૫,૦૦૦, અને યુનિયન બેંક ઓફ ઇંડીયા, ખાંધલી શાખા પાસેથી તેમજ ધી ખેડા જી.મ.સ.બેંકના તારણ/બોજો નોંધ નં.૨૩૨૫ થી રૂા.૩૮,૦૦૦ નો તારણ/લોન/બીજો લીધેલ છે. સદર દાવાવાળી જમીન પૈકીના ૨૪.૦૦ ગુંઠા પણ જો તેઓની ખેડૂત હક્ક, માલીકી હક તેમજ કબજા ભોગવટામાં આવેલ હોવાની તપાસ તથા ખાતરી બાદ જ ઉપરોક્ત જમીન ઉપર તારણ/લોન/બોજો પ્રતિવાદીઓને આપેલ છે. સદર દાવાવાળી જમીન ઉપર પ્રતિવાદીઓએ લીધેલ તારણ/લોન/બીજોની રેવન્યુ રેકર્ડની એંટ્રીની નકલો જવાબ સાથે રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટના અનુક્રમ નં. ૬૯, ૭૦, ૭૧, ૭૨ અને ૭૩ થી રજુ છે. વધુમાં પ્રતિવાદિઓએ સદર દાવાવાળી જમીન ઉપર પ્રતિવાદીઓએ પોતાના ખર્ચે 'બોરકુવો' બનાવેલ છે અને ફેરફાર નોંધ નં.૨૮૫૭ થી સદર જમીનના રેવન્યુ રેકર્ડે દાખલ કરેલ છે. જેની નકલ સદર જવાબ સાથે રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટના અનુક્રમ નં.૭૪ થી રજુ છે. સદર કામના પ્રતિવાદીઓએ દાવાવાળી જમીન ઉપર લીધેલ ઉપરોક્ત તમામ તારણો/બોજો/લોન તથા બોરકુવાની એંટ્રીના સમય પૈકી એક પણ સમયે સદર કામના વાદીએ વાંધો ઉઠાવેલ નથી. જેથી સ્પષ્ટ છે કે સદર દાવાવાળી જમીન ઉપર ફેરફાર નોંધ નં.૧૫ થી તા.૨૦/૧૧/૮૨ ના રોજ વહેંચણી થયેલ ત્યારથી આજ દીન સુધી વાદીનો કોઈ લાગ–ભાગ, હક્ક–હીસ્સો હીત કે કબજો નથી. જેથી વાદીનો દાવો તથા મનાઈ અરજી ડીસમીસ કરવા મહેરબાની કરશોજી.

વધુમાં જણાવેલ છે કે, વધુમાં વાદીએ તેઓની દાવા અરજી તથા મનાઇ અરજીના પેરા નં.રમાં જણાવેલ હકિકતો મુજબ વાદીના પિતાજીએ કે વાદીએ ફેરફાર નોંધ ન.૧૫ થી તા.૨૦/૧૧/૮૨ ના રોજ વહેંચણી થઇ ત્યારથી દાવો દાખલ કરતાં સુધી એટલે કે કુલ ૩૭ વર્ષથી સદર દાવાવાળી જમીનમાં પોતાનું નામ દાખલ કરવા માટે કોઈ પ્રયત્ન કરેલ નથી. જેથી સ્પષ્ટ છે કે વાદીના પિતાજીએ કે વાદીએ તા.૨૦/૧૧/૮૨ થી ૧૨ વર્ષની અંદર સદર મિલકતમાં પોતાના કોઈ લાગ-ભાગ, હક્ક-હીસ્સો, હીત કે કબજો પ્રતિવાદીઓ પાસેથી મેળવવા માટે કોઇ કાર્યવાહી કરેલ નથી. જેથી વાદીને સમય મર્યાદાના કાયદાનો બાધ નડે છે. જેથી વાદીનો દાવો તથા મનાઇ અરજી ડિસમીસ થવાને પાત્ર છે. મોજે ગામ ખાંધલી તા.વસોના રેવન્યુ સર્વે નં.૬૧૯ ખાતા નં.૧૦૩ જેનું ક્ષેત્રફળ ૦-૭૫-૮૮ હે.આરે.ચો.મી વાળી આખી ''L'' આકારની જમીન ફેરફાર નોંધ નં.૧૫ થી તા.૨૦/૧૧/૮૨ ના રોજ થયેલ વહેંચણી કરાર જોતાં વાદીનો દાવો પ્રથમ દર્શનિય નથી. અમો પ્રતિવાદીઓના જવાબની હકીકતોના મુદ્દા નં.૫ (A થી L),૬ તથા ૭ જોતાં સમતુલા તથા વિષમતા પૈકી સમતુલાનું પલ્લું પ્રતિવાદીઓના પક્ષમાં નમે છે અને જો વાદીએ માગેલ મનાઇ અરજી અને દાવો મંજુર કરવામાં આવે તો ફેરફાર નોંધ નં.૧૫ થી તા.૨૦/૧૧/૮૨ ના રોજ થયેલ વહેંચણી કરાર અનુસાર પ્રતિવાદીઓની ખેડુત હક્ક, માલીકી હક્ક અને કબજા ભોગવટા વાળી જમીન ઉપર જતા-આવતા અને ખેતી કરતાં રોકવાનો વચગાળાનો કે કાયમી મનાઇહુકમ પસાર થાય તો વાદીપક્ષને કોઇ પણ પ્રકારનું નુકશાન જવાનો સંભવ નથી જ્યારે પ્રતિવાદીઓને નાણાંથી ભરપાઇ ન થઇ શકે તેવું પારાવાર નુકશાન જવાનો પુરો સંભવ છે અને વાદીની દાવા અરજી અને તે સાથે રજુ દસ્તાવેજી પુરાવાઓ જોતાં વાદી પોતાનો દાવો નિ:શંકપણે પુરવાર કરી શકે તેમ નથી. જેથી વાદીની મનાઈ અરજી તથા દાવા અરજી નામંજુર કરવા મહેરબાની કરશોજી, સદર દાવાનો તથા મનાઈ અરજીનો જવાબ આપવાનો ખર્ચ પ્રતિવાદીઓને સદર કામના વાદીઓ પાસેથી અપાવવા સારું મહેરબાની કરશોજી.

ત્યાર બાદ આ કામે વાદી દ્વારા આંક-૧૪ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે જેમાં તેઓએ પ્રતિવાદીઓનો જવાબની હકીકતો ખરી ન હોવાનુ જણાવી દાવા અરજીની હકીકતો જણાવેલ છે.

આ કામે વાદી દ્વારા આંક-૫ થી મનાઇ અરજી દાખલ કરવામં આવેલ જે મનાઇ અરજી અમારા પુરોગામી ન્યાયધીશશ્રી દ્વારા નામંજુર કરવામાં આવેલ છે.

(૩) ત્યાર બાદ આ કામે વાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | વાદી સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | વાદી સંજયકુમાર કાંતિભાઈનુ સરતપાસનુ સોગંદનામુ | ૩૬ |
| ૨ | વાદી તરફે સાહેદ નં. ૧ જશભાઇ મગનભાઇ પટેલનુ સરતપાસનુ સોગંદનામુ | ૫૯ |
| ૩ | વાદી તરફે સાહેદ નં. ૨ રસીકભાઇ મોતીભાઇ પટેલનુ સરતપાસનું સોગંદનામુ | ૬૨ |
| ૪ | વાદી તરફે સાહેદ પટેલ ધર્મેશભાઇ કાંતિભાઇનુ સરતપાસનું સોગંદનામુ | ૬૫ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | દસ્તાવેજીની વિગત | આંક |
|---|---|---|
| ૧ | સર્વે નં. ૨૫૪/૧, ૨૫૪/૨ નવા બ્લોક નં. ૬૧૯ ના પાણી પત્રકની પાવતી અસલ | ૪૪ |
| ૨ | સિંચાઇ વેરા પાવતી અસલ | ૪૫ |
| ૩ | વે.દ નં. ૩૩૧/૧૯૭૦ ની અસલપ્રત | ૪૬ |
| ૪ | નોંધ નં. ૧૩૮ ની ખરીનકલ | ૪૭ |
| ૫ | પ્રતિવાદીએ લેન્ડ ગ્રેબીંગની ફરીયાદ કરેલ તેની અસલ હુકમની પ્રત | ૪૮ |
| ૬ | એકત્રીકરત તખતાની નકલ | ૪૯ |
| ૭ | એકત્રીકરણ તખતાની નકલ | ૫૦ |
| ૮ | એકત્રીકરણ તખતાની નકલ | ૫૧ |
| ૯ | ખાતાવહી અસલ | ૫૨ |
| ૧૦ | મામલતદાર માતર સમક્ષ વૃક્ષછેટન કેસ નં. ૧/૧૦ ના હુકમની ખરી નકલ | ૬૭ |
| ૧૧ | નાણાં ભર્યાનુ  ચલણ અસલ | ૬૮ |
| ૧૨ | સર્વે નં. ૬૧૯ ની ગામ નુમના ૭ ની નકલ | ૯૫ |
| ૧૩ | સર્વે નં. ૨૫૪/૨ નવો નં. ૬૧૯ ની ગામ નુમના ૭ અને ૧૨ ની જુની નકલો(૧૯૫૧-૫૨ થી ૧૯૮૨-૮૩) | ૯૬ |
| ૧૪ | સર્વે નં. ૬૧૯ ના ગામ નુમના નં. ૭/૧૨ ની નકલ | ૯૭ |

| | | |
|---|---|---|
| ૧૫ | દાવાવાળી જમીનમાં થયેલ વહેંચણીના ફેરફાર નોંધ નં. ૧૪ તથા ૧૫ ની નકલ | ૯૮ |
| ૧૬ | વાદીના સર્વે નં. ૪૮ ની ગામ નુમના નં. ૭ ની નકલ | ૯૯ |
| ૧૭ | વાદીના સર્વેન નં. ૪૯ ની ગામ નુમના નં. ૭ ની નકલ | ૧૦૦ |
| ૧૮ | વાદીના સર્વે નં. ૫૧ ની ગામ નુમના નં. ૭ ની નકલ | ૧૦૧ |
| ૧૯ | વાદીના સર્વે નં. ૬૧૯/અ ની ગામ નમુના નં. ૭ ની નકલ | ૧૦૨ |
| ૨૦ | વાદીના આધારકાર્ડની નકલ | ૧૦૩ |

ત્યાર બાદ વાદી તરફે આંક-૭૨ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૪) ત્યાર બાદ આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | પ્રતિવાદી સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નં.૧ રાકેશભાઇ ચીમનભાઇ પટેલનુ સરતપાસનુ સોગંદનામુ | ૭૩ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | દસ્તાવેજીની વિગત | આંક |
|---|---|---|
| ૧ | દાવાવાળી જમીનના સને ૧૯૮૨ થી ૨૦૨૦ ના જમીન મહેસુલ તથા શીક્ષણ વેરો પ્રતિવાદીઓએ ભર્યાની પાવતીઓ અસલ | ૫૩ |
| ૨ | પ્રતિવાદીઓ પક્ષે વાવેલ બીયારણ, પાક તથા ખાતરના (દાવા સમયના વર્ષના તથા આગલા વર્ષના) બીલો અસલ | ૫૪ |
| ૩ | વાદી તથા પ્રતિવાદીના જવા -આવવાના રસ્તા બાબતે થયેલ ઝઘડાની બાબતમાં મામલતદારશ્રીનાઓએ લીધેલ પાકા જમીનનો પત્ર | ૫૫ |
| ૪ | ગામ ખાંધલીના સર્વે નં. ૬૧૯ ની સને ૨૦૦૬ થી ઓન લાઇન નકલ | ૫૬ |
| ૫ | ગામ ખાંધલીના સર્વે નં. ૬૧૯ નો નકશો | ૫૭ |
| ૬ | ખેડુતપોથીની નકલ | ૫૮ |
| ૭ | ગામ ખાંધલીના સર્વે નં. ૬૧૯ ની ફેરફાર નોંધ નં. ૧૫ ની પ્રમાણીત નકલ | ૮૨ |
| ૮ | ગામ ખાંધલીના સર્વે નં. ૬૧૯ ની ફેરફાર નોંધ નં. ૧૩૬૮ તથા | ૮૩ |

| | | |
|---|---|---|
| | ૧૩૬૯ ની પ્રમાણીત નકલ | |
| ૯ | ગામ ખાંધલીના સર્વે નં. ૬૧૯ ની સને–૧૯૮૨ થી ૧૯૮૫ સુધીની પ્રમાણીત નકલ | ૮૪ |
| ૧૦ | ગામ ખાંધલીના સર્વે નં. ૬૧૯ ની સને–૧૯૮૬ થી ૧૯૯૨ સુધીની પ્રમાણીત નકલ | ૮૫ |
| ૧૧ | ગામ ખાંધલીના સર્વે નં. ૬૧૯ ની સને–૧૯૯૩ થી ૨૦૦૫ સુધીની પ્રમાણીત નકલ | ૮૬ |
| ૧૨ | ગામ ખાંધલીના સર્વે નં. ૬૧૯ ની જમીનના ગામ નુમના નં. ૧૨ ની પ્રમાણીત નકલ | ૮૭ |
| ૧૩ | ગામ ખાંધલીના સર્વે નં. ૬૧૯ ની જમીનના ગામ નુમના નં. ૮ ની પ્રમાણીત નકલ | ૮૮ |
| ૧૪ | ગામ ખાંધલીના સર્વે નં. ૬૧૯ ની જમીનની ફેરફાર નોંધ નં. ૧૩૩૪ ની પ્રમાણીત નકલ | ૮૯ |
| ૧૫ | ગામ ખાંધલીના સર્વે નં. ૬૧૯ ની જમીનની ફેરફાર નોંધ નં. ૧૭૦૮ ની પ્રમાણીત નકલ | ૯૦ |
| ૧૬ | ગામ ખાંધલીના સર્વે નં. ૬૧૯ ની જમીનની ફેરફાર નોંધ નં. ૨૦૩૩ ની પ્રમાણીત નકલ | ૯૧ |
| ૧૭ | ગામ ખાંધલીના સર્વે નં. ૬૧૯ ની જમીનની ફેરફાર નોંધ નં. ૨૩૨૫ ની પ્રમાણીત નકલ | ૯૨ |
| ૧૮ | ગામ ખાંધલીના સર્વે નં. ૬૧૯ ની જમીનની ફેરફાર નોંધ નં. ૨૮૫૭ ની પ્રમાણીત નકલ | ૯૩ |

ત્યાર બાદ પ્રતિવાદી તરફે આંક–૯૪ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૫) આ કામે વાદીઓ તથા પ્રતિવાદીઓ તરફે તેમના વિ.વ.શ્રીએ મૌખીક દલીલો કરેલ હોય જે ધ્યાને લીધી.

(૬) આ કામે સદરહુ દાવાના નિર્ણય અર્થે અમારા પુરોગામી ન્યાયધીશશ્રી દ્વારા આંક–૩૩ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૧** | શું વાદી સાબીત કરે છે કે, મોજે ગામ–ખાંધલી,તા.વસો નો સર્વે નં.૬૧૯ જેનું ક્ષેત્રફળ હે.૦–૭૫–૮૮ આરે. વાળી જમીન પૈકી ૦–૨૪–૦૦ ગુંઠા જમીન વાદીની વહેંચણીથી કાયદેસર કબજા ભોગવટાની આવેલ છે? |
| **મુદ્દા નંબર–૨** | શું પ્રતિવાદી સાબીત કરે છે કે, વાદીના દાવાને પક્ષકારનો બાધ નડે છે એટલે રદ્દ થવા પાત્ર છે? |

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૩** | શું પ્રતિવાદી સાબીત કરે છે કે, દાવાવાળી જમીન ઉપર ફેરફાર નોંધ નં. ૧૫ થી તા.૨૦/૧૧/૮૨ ના રોજ વહેંચણી થયેલ ત્યારથી આજ દિન સુધી વાદીનો કોઈ લાગભાગ, હકકહિસ્સો, હીત કે કબજો નથી ? |
| **મુદ્દા નંબર–૪** | શું પ્રતિવાદી સાંબીત કરે છે કે, વાદીના દાવાને સમય મર્યાદાનાં કાયદાનો બાધ નડે છે? |
| **મુદ્દા નંબર–૫** | શું વાદી માગ્યાં મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| **મુદ્દા નંબર–૬** | શું હુંકમ અને હુકમનામુ? |

(૭) ઉપરોકત મુદ્દાઓના અત્રેની અદાલતના નિર્ણયો કારણો સહીત નીચે મુજબના છે.

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૧** | **નકારમાં** |
| **મુદ્દા નંબર–૨** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૩** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૪** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૫** | **નકારમાં** |
| **મુદ્દા નંબર–૬** | **આખરી હુકમ મુજબ** |

## –: કા ર ણો :–

**મુદ્દા નં. ૧ થી ૬–**

(૮) હાલનો દાવો વાદી દ્વારા મોજે ગામ ખાંધલી, તા.વસોના સર્વે નં. ૬૧૯ જુનુ ક્ષેત્રફળ હે.૦–૭૫–૮૮ આરે. વાળી જમીન પૈકી ૦–૨૪–૦૦ ગુઠા જમીનના વાદી વહેંચણીથી કાયદેસરનાં વારસદાર અને કબજે ભોગવટેદાર છે તેમ ઠરાવી આપવા તથા પ્રતિવાદી સામે કાયમી મનાઇ હુકમ મેળવવા માટે લાવવામાં આવેલ છે. વાદી તરફે આંક–૩ વાળુ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી આંક ૯૫ થી ૧૦૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલા છે. જે વિગતવાર વંચાણે લીધા. આંક–૧૨ થી પ્રતિવાદી તરફે દાવા જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેમના દાદા ગુજરનાર મગનભાઈ નરોત્તમભાઈ પટેલના અવસાન થયા બાદ તેમના નામે ચાલતી તમામ જમીનની વહેચણી તેમના ચાર વારસદારો વચ્ચે ફેરફાર નોંધ નં. ૧૪ તથા ૧૫ થી તા.૨૦/૧૧/૮૨ નારોજ થયેલ હતી. પ્રતિવાદીઓએ જણાવેલ આ બાબત વાદીએ પણ પોતાની દાવા અરજીનાં પેરા–૨ માં જણાવેલ છે તથા આ નોંધ

તા.૨૩/૩/૧૯૮૩ ના રોજ પ્રમાણીત થયેલ હોવાનુ પણ વાદીએ પોતાની દાવા અરજીમાં જણાવેલ છે. આમ બંન્ને પક્ષકારો વચ્ચે દાવાવાળી મિલકત તે વડીલો પાર્જીત મિલકત હોવા અંગેની કોઇ પણ પ્રકારની તકરાર હોવાનુ જણાય આવતું નથી. પ્રતિવાદી તેમના દાવા જવાબમાં વધુમાં જણાવે છે કે, મિલકતની વહેંચણી થતાં પ્રતિવાદીના પિતાશ્રી ચીમનભાઇ મંગળભાઇ પટેલના ભાગે સદર વહેચણી કરેલ ફેરફાર નોંધ નં. ૧૫ અનુક્રમ નં. ૨ મુજબ પ્રથમ જમીન મોજે ખાંધલી, તા.વસો ખાતે આવેલ રેવન્યુ સર્વે નં. ૬૧૯ ક્ષેત્રફળ ૦–૭૫–૮૮ વાળી તથા બીજા ક્રમે સર્વે નં. ૭૯૩/અ વાળી તથા ત્રીજા ક્રમે રેવન્યુ સર્વે નં. ૭૯૫ વાળી એમ કુલ ૩ જમીનો આવેલ હોવાનું તેઓ જણાવે છે અને વાદીના પિતા કાંતીભાઇ મગનભાઇના હીસ્સે આ ફેરફાર નોંધ મુજબ અન્ય જમીનો આવેલ છે. તેમના પિતાશ્રી ચિમનભાઇ, નિમિષાબેન તથા માતા કૈલાશબેન વારસાઇ નોંધ નં. ૧૩૬૮ મુજબ દાવાવાળી મિલકતમાં વારસદાર તરીકે દાખલ થયેલ હતા અને ત્યાર બાદ તેમના બહેન નિમિષાબેને રાજીખુશીથી પોતાનો હકક જતો કરતાં ફેરફાર નોંધ નં. ૧૩૬૯ થી મિલકતમાંથી તેમનુ નામ કમી કરવામાં આવેલ. આમ સને–૧૯૮૨ થી પ્રતિવાદીના પિતા ચિમનભાઇ અને ચિમનભાઇના અવશાન બાદ પ્રતિવાદી દાવાવાળી રેવન્યુ સર્વે નં. ૬૧૯ કે જેનુ ક્ષેત્રફળ ૦–૭૫–૮૮ વાળી જમીન ખેડી વાવી ઉપજ નીપજ મેળવે છે. આમ નોંધ નં. ૧૫ તા.૨૦/૧૧/૮૨ ના રોજ પડેલ છે અને ત્યારથી ૩૭ વર્ષના સમય વિતવા છતાં પણ વાદીએ આ અંગે કોઇ વાંધો લીધેલ નથી અને ૩૭ વર્ષ બાદ હાલનો દાવો લાવેલ છે. આમ વાદી હાલનો દાવો સમય મર્યાદા બહારનો ખોટો દાવો લાવેલ હોય, વાદીનો દાવો રદ કરવા વિનંતી કરેલ છે.

(૯) ત્યાર બાદ વાદી તરફે આંક–૧૪ થી કાઉન્ટર એફીડેવીટ રજુ રાખવામાં આવેલ છે. જેમાં તેઓએ પ્રતિવાદીના દાવા જવાબનો ઇન્કાર કરી પોતાની દાવા અરજીની વિગતોનુ પુનરાવર્તન કરેલ છે. ત્યાર બાદ આંક–૩૩ થી દાવાના ન્યાય નિર્ણય અર્થે મારા પુરોગામી સાહેબશ્રી દ્વારા મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં. ૧ ની સાબીતીનો બોજો વાદીના શીરે છે. જેમાં વાદીએ સાબીત કરવાનુ છે કે મોજે ખાંધલી,તા.વસોના સર્વે નં. ૬૧૯ કે જેનુ ક્ષેત્રફળ ૦–૭૫–૮૮ આરે વાળી જમીન પૈકી ૦–૨૪–૦૦ ગુઠા જમીન વાદીની વહેચણીથી કાયદેસર કબજો ભોગવટાની આવેલી છે. જે અંગે વાદીએ આંક–૩૬ થી પોતાનુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં તેઓએ પોતાની દાવા અરજીની વિગતોનુ સમર્થન કરેલ છે. ત્યાર બાદ

તેઓની વિગતવારની ઉલટ તપાસ પ્રતિવાદીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં વાદી સ્વીકારે છે કે તેમના દાદાનુ નામ મગનભાઇ નરોત્તમભાઇ પટેલ છે. મગનભાઇ ગુજરી જતાં ભાઇઓ ભાઇઓએ અંદરોઅંદર વહેંચણી કરી લીધેલ. સદર વહેંચણીની નોંધ રેવન્યુ રેકર્ડમાં સને ૧૯૮૨ માં ફેરફાર નોંધ નં. ૧૪ અને ૧૫ થી પાડેલી. તેઓ જણાવે છે કે, સરકારી કામગીરી મુજબ આ નોંધ સાચી છે. તેઓ સ્વીકારે છે કે, તેમના પિતા કાંતીભાઇના નામે અને ભાગે મોજે ખાંધનીની સર્વ નં.૬૧૯/અ, ૪૮, ૪૯, ૫૧ અને ૯૬૫ આવેલા તેમજ ચીમનભાઇના નામે મોજે ખાંધલી ગામની સર્વે નં. ૬૧૯,૭૯૩/અ તથા ૭૯૫ વાળી જમીનો આવેલી. તેમજ રીતે જશભાઇના નામે મોજે ખાંધલી ગામની સર્વે નં. ૪૬૭, ૪૬૮ તથા ૧૩૭૦ વાળી જમીન આવેલી અને લલ્લુભાઇના નામે ખાંધલી ગામની સર્વે નં. ૨૪૬, ૮૦૮, ૧૨૭૦/અ વાળી જમીન આવેલી. ચીમનભાઇના અવશાન બાદ દાવાવાળી જમીન ફરેફાર નોંધ નં. ૧૩૬૮ થી તેમના વારસદાર કૈલાશબેન, રાકેશભાઇ, પ્રકાશભાઇ અને નિમિષાબેનના નામે થયેલી. ખાંધલી ગામની સર્વે નં. ૬૧૯ માં હાલ કૈલાસબેન, પ્રકાશભાઇ, રાકેશભાઇના નામ ચાલે છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે  હાલના દાવામાં કૈલાશબેનને તેઓએ પક્ષકાર તરીકે જોડેલા નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે સર્વે નં. ૬૧૯  ઉપર લેવામાં આવેલ લોન તથા બોજા વખતે તેમણે કોઇ પણ વાંધો તકરાર રજુ રાખેલ નથી. ચીમનભાઇના ગુજરી ગયા બાદ કૈલાશબેન, રાકેશકુમાર તથા પ્રકાશકુમારના નામે સર્વે નં. ૬૧૯ માં ચઢાવવામાં આવેલ તે અંગે પણ આજ દીન સધ્ધુી રેવન્યુ ઓથોરીટી સમક્ષ એક પણ વાર વાંધો તકરાર ઉઠાવેલ નથી. તેઓ સ્વીકારે છે કે, પ્રતિવાદી સાથે માથાકુટ થતા હાલનો દાવો દાખલ કરેલ છે, જે તે વખતે માતર પોલીસે સી.આર.પી.સી. ક.૧૫૧ મુજબ વાદીના જામીન લેવડાવેલ. વધુમાં તેઓ સ્વીકારે છેકે તેમના કાકા જશભાઇ સાથે તેમના સારા સંબંધો છે. આમ હાલના વાદીની ઉલટ તપાસમાંથી સ્પષ્ટ થાય છે કે, સને ૧૯૮૨ માં મગનભાઇ નરોત્તમભાઇ પટેલની મિલકતની ઘરમેળે વહેચણી અંગેની ફેરફાર નોંધ નં. ૧૪ અને ૧૫ પડેલ છે. જે મુજબ દાવાવાળી સર્વે નં. ૬૧૯ વાળી જમીન પ્રતિવાદીના પિતા ચીમનભાઇના ભાગે આવેલી છે તથા મગનભાઇની અન્ય જમીન વાદીના પિતા તથા તેમના અન્ય ભાઇઓના ભાગે આવેલ છે અને આ નોંધ પડી ત્યારથી દાવો દાખલ થયો ત્યાં સુધી પ્રતિવાદીએ કયારેય સર્વે નં. ૬૧૯ વાળી જમીન પ્રતિવાદીના પિતાના નામે આવેલ હોવા અંગે કોઇ વાંધોવિરોધ કરેલ નથી કે કોઇ પણ  ઓથોરીટી સમક્ષ તકરાર ઉપસ્થિત કરેલ નથી.

(૧૦) ત્યાર બાદ આંક–૩૮ વાળા દસ્તાવેજી પુરાવા લીસ્ટથી આંક–૪૪ થી ૫ર ના દસ્તાવેજોને વાદી દ્વારા રજુ રાખવામાં આવેલ છે. ત્યાર બાદ આંક–૪ર વાળા દસ્તાવેજી પુરાવા લીસ્ટથી પ્રતિવાદી તરફે આંક–૫૩ થી ૫૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. ત્યાર બાદ આંક–૫૯ થી વાદી પ્રતિવાદીના કાકા જશભાઇ મગનભાઇ પટેલે વાદી તરફે પોતાનુ સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં તેઓએ વાદીની દાવાઅરજીને સમર્થન કરતી વિગતો જણાવેલ છે. તેઓની વિગતવારની ઉલટ તપાસ પ્રતિવાદીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ સ્વીકારે છે કે, તેમના પિતાજીનુ નામ મગનદાસ નરોત્તમદાસ પટેલ છે. તેઓ ચાર ભાઇઓ છે અને પોતે ચારમાંથી સૌથી નાના છે, તેમના પિતા મગનદાસ ૧૯૭૫ માં ગુજરી ગયા બાદ પિતાના નામે આવેલી જમીનની વહેચણી ચારેય ભાઇઓ વચ્ચે થઇ ગયેલ અને આ અંગેની નોંધ સરકારી કચેરીમાં સને ૧૯૮ર–૮૩ માં થયેલી ત્યારથી હાલ દાવો દાખલ કર્યો ત્યાં સુધી એટલે કે સને ર૦૧૯ ના ઓકટોબર માસ સુધી કોઇ તકરાર થયેલ નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, ચીમનભાઇના અવસાન બાદ મરણોત્તર વારસાઇ તથા ચીમનભાઇના વારસોએ બનાવેલ કુવો તથા દાવાવાળી જમીન પર પ્રતિવાદીઓએ લોન લીધેલ તે બાબતે વાદીએ વાંધો લીધેલ નથી. તેઓને એ વાતની ખબર નથી કે તા.૧૫/૧૧/૧૯ ના રોજ દાવાવાળી જગ્યા ઉપર જવા–આવવાના રસ્તા બાબતે મારા મારી થયેલી. દાવાવાળી જગ્યા ઉપર પાણીના કુવાની વ્યવસ્થા હોવા અંગે તેઓ જાણે છે. તેઓ સ્વીકારે છે કે, તેમના પુત્ર હીરેનની કંકોત્રીમાં પ્રતિવાદી નં. ૧ અને ર અને તેમના માતાનુ નામ છપાવેલ નથી, કારણ કે તેમના છોકરા અને ચીમનભાઇના છોકરા વચ્ચે ઝઘડો થયેલો, જેથી છોકરાઓએ નામ નહી લખાવેલ. તેમને પ્રતિવાદી સાથે વર્ષોથી પ્રસંગે જવા–આવવાનો સંબંધ નથી. વાદી સંજયભાઇ તેમના પ્રસંગે હાજર રહે છે, તેથી સંજયભાઇ સાથે સારો સંબંધ છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, દાવાવાળી જમીન કોણ ખેડે છે અને પાક વાવે છે તે હુ રૂબરૂ જતો ન હોય જેથી કહી શકુ નહી. આમ વાદીના સાહેદ એવા જશભાઇ મગનભાઇ પટેલની ઉલટતપાસ ઉપરથી જણાય આવે છે કે, સને ૧૯૮ર માં થયેલ વહેચણી અંગેની ફેરફાર નોંધ વાળી વાત ખરી છે અને આ ફેરફાર નોંધ અંગે ઓકટોબર–ર૦૧૯ સુધી વાદીએ કોઇ વાંધો વિરોધ કરેલ નથી. વધુમાં સાહેદને પ્રતિવાદી સાથે સારા સંબંધ નથી. તેમના દીકરાઓને

પ્રતિવાદી સાથે ઝઘડો થયેલ છે. જયારે વાદી સાથે તેમના સંબંધ સારા હોવાનુ જણાય આવે છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, દાવાવાળી જમીન કોણ ખેડે છે કે પાક વાવે છે તેની તેઓને ખબર નથી. આમ હાલના સાહેદ પોતાની સરતપાસમાં વાદીની દાવા અરજીને સમર્થન કરતાં હોવા છતાં તેઓ પોતાની ઉલટ તપાસમાં દાવાવાળી જમીન પૈકીની ૦–૨૪–૦૦ ગુઠા જમીન વાદી ખેડે તે તેવુ સ્પષ્ટ જણાવતા નથી. વધુમાં વાદી અને પ્રતિવાદી વચ્ચે મારા મારી થયેલ હોવાની જે વિગત બંન્ને પક્ષકારોએ જણાવેલ છે તેનાથી પણ સાહેદ અજાણ છે. આમ હાલના સાહેદ પોતાના મૌખીક પુરાવાથી વાદીને કોઇ પ્રકારે મદદ કરતાં હોવાનુ જણાઇ આવતુ નથી.

(૧૧) ત્યાર બાદ આંક–૬૨ થી વાદીના અન્ય એક સાહેદ રસીકભાઇ મોતીભાઇ પટેલનુ સરતપાસનુ સોગંદનામુ રજુ છે. જેમાં તેઓએ વાદીની દાવા અરજીને સમર્થન કરતી વિગતો જણાવેલ છે. તેઓની વિગતવારની ઉલટ તપાસ પ્રતિવાદીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ સ્વીકારે છેકે સર્વે નં. ૬૧૮ વાળી જમીન તેઓને વાદી સંજયભાઇએ ભાગે ખેડવા માટે ૧૦ વર્ષથી આપેલી છે. દાવાવાળી જમીન તથા અન્ય જમીનની વહેંચણી સને ૧૯૭૫ ના વર્ષમાં વાદી અને પ્રતિવાદીના વડવાઓ વચ્ચે થયેલી, આ વહેંચણી કુલ ૧૦ જમીનોની થયેલી, જેની ફેરફાર નોંધ સને–૧૯૮૨ માં રેકર્ડમાં થયેલી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, સને–૨૦૧૯ માં વાદી તથા પ્રતિવાદી વચ્ચે જમીનમાં આવવા–જવાના રસ્તા બાબતે ફોજદારી ફરીયાદ થયેલી, તે પહેલા સદર દાવાવાળી જગ્યા બાબતે વાદી તથા પ્રતિવાદી વચ્ચે કોઇ પણ તકરાર ઉભી થયેલ નહી. સર્વે નં. ૬૧૯ વાળી જમીન હાલ કોના નામે ચાલે છે તેની સાહેદને માહીતી નથી. તેઓ છેલ્લા ૧૦ વર્ષથી સર્વે નં. ૬૧૯ વાળી જમીન ઉપર ગયેલ નથી. જેથી આ દાવાવાળી જમીન કોણ ખેડે છે તેની સાહેદને માહીતી નથી. આમ હાલના સાહેદની ઉલટ તપાસ વંચાણે લેતા સર્વે નં. ૬૧૮ વાળી વાદીની જમીન છેલ્લા ૧૦ વર્ષથી ભાગે ખેડવા હાલના સાહેદને આપેલ હોવાનુ જણાઇ આવે છે. આમ હાલના સાહેદ છેલ્લા ૧૦ વર્ષથી વાદીની સર્વે નં. ૬૧૮ વાળી જમીનમાં ખેતી કરે છે. હાલના કામે આંક–૫૭ થી મોજે ખાંધલી ગામનો નકશો રજુ થયેલ છે, જે મુજબ સર્વે નં. ૬૧૮ તથા દાવાવાળી સર્વે નં. ૬૧૯ વાળી જમીનો એકબીજાની જોડાજોડ આવેલી છે, એટલે સર્વે નં. ૬૧૮ માં જે વ્યકિત છેલ્લા ૧૦ વર્ષથી ખેતી કરતી હોય તે વ્યકિત સર્વે નં. ૬૧૯ માં કોણ ખેતી કરે છે, તે જાણતી ન હોય તેવુ માની શકાય નહી. વધુમાં જો વાદી સંજયભાઇ સર્વે નં. ૬૧૮ વાળી તથા સર્વે નં. ૧૪૦૪ વાળી જમીન સાહેદને ખેડવા

આપતા હોય અને ૧૦ વર્ષથી તેમની ઉપજમાંથી પોતાનો ભાગ મેળવતા હોય તો તેની જોડા જોડ આવેલી સર્વે નં. ૬૧૯ વાળી જમીન પૈકી ૦–૨૪–૦૦ ગુઠા જમીન જો વાદીના કબજે હોય તો તે જમીન પણ સાહેદને ખેડવા આપેલ હોય. પરંતુ હાલના સાહેદ દાવાવાળી જમીન ઉપર જતાં ન હોવાનુ જણાવે છે. આમ હાલના સાહેદની જુબાની વાદીને મદદકર્તા ન હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે.

(૧૨) ત્યારબાદ વાદીના વધુ એક સાહેદ ધર્મેશભાઇ કાંતીભાઇ પટેલની સોંગદ ઉપર સરતપાસ આંક–૬૫ થી રજુ છે. તે પોતાની સરતપાસમાં વાદીની દાવાઅરજીને સમર્થન કરતી વિગતો જણાવેલ છે. તેની પ્રતિવાદીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ લેવામાં આવેલ છે. જેમાં તેઓ સ્વીકારે છે કે આ કામના વાદી સંજયભાઇ મારા સગા મોટા ભાઇ થાય છે, મારા તથા સંજયભાઇના નામે ખાંધલી મુકામે સર્વે નં. ૬૧૯/અ ની જમીન આવેલી છે. સદર દાવાવાળી જમીન તથા અન્ય જમીનની વહેંચણી અમારા વડીલો વચ્ચે સને ૧૯૭૫ માં થયેલી. આ વહેંચણી વખતે કોને કેટલી જમીન આવેલી તે મને હાલ ખબર નથી. હાલમાં બીપીનભાઇ મણીભાઇ, રસીકભાઇ મોતીભાઇ અને ભીખાભાઇ કાળીદાસભાઇની જમીન ખેડુ છુ. વધુમાં તે સ્વીકારે છે કે,મારી જમીન ઉપર અન્ય કોઇ વ્યકિત લોન લેવા જાય તો બેંક તેને લોન ન આપે અને મારા નામની જમીન ઉપર જો કોઇ વ્યકિત લોન લેવા જાય તો અમો વાંધો રજુ કરીએ. સદર દાવાવાળી જમીન ચીમનભાઇના નામે ચાલતી અને મૃત્યુ બાદ તેમની પત્ની અને દીકરાના નામે ચઢેલી, દાવાવાળી જગ્યામાં ચીમનભાઇએ બોરકુવો બનાવેલો અને આ બોરકુવો બનાવ્યો ત્યારે મારા ભાઇઓએ આ અંગે કોઇ વાંધા અરજી રજુ કરેલ નથી, તે વખતે મારા પિતાશ્રીને ચીમનભાઇ સાથે સારા સંબંધ હતા. તા.૧૫/૧૧/૧૯ ના રોજ રસ્તા બાબતે તકરાર થતાં અમારા તથા પ્રતિવાદીના પાકા જામીન લેવામાં આવેલ અને તેના એક માસ બાદ હાલનો દાવો દાખલ થયેલો છે. આંક–૬૭ વાળી ફરીયાદ થયેલ ત્યારે મે મારા ખેતરમાં એક લીમડો કાપેલો. આંક–૬૮ વાળી પાવતી અમોએ ઝાડ કાપેલ તેના દંડ રૂપે આપવામાં આવેલ છે. આ આંક–૬૮ વાળી પાવતી જોઇ તેઓ જણાવે છે કે, તેમાં સર્વે નં. ૬૧૯/અ લખેલ છે. આમ, હાલના સાહેદની ઉલટ તપાસમાં તે સ્વીકારે છે કે સર્વે નં. ૬૧૯/અ વાળી જમીન તેમના તથા તેમના સગા ભાઇ સંજયભાઇ એટલે કે વાદીના નામે આવેલ છે. સર્વે નં. ૬૧૯ વાળી જમીન અગાઉ ચીમનભાઇના નામે ચાલતી હતી અને ચીમનભાઇના મૃત્યુ બાદ તેમના પત્નિ કૈલાશબેન તથા દીકરા રાકેશભાઇ, પરેશભાઇ ઉર્ફે પ્રકાશભાઇના નામે ચઢેલી,

ચીમનભાઇએ આ જગ્યામાં બોરકુવો પણ બનાવેલો, પક્ષકારો વચ્ચે રસ્તા બાબતે તા.૧૫/૧૦/૧૯ માં તકરાર થયેલી અને તેમના એક માસ બાદ હાલનો દાવો દાખલ થયેલ છે અન તેઓએ આંક-૬૮ વાળી જે પાવતી રજુ રાખેલ છે, તેમાં સર્વે નં. ૬૧૯/અ લખેલ છે. આમ હાલના સાહેદ પણ વાદીને મદદકર્તા થાય તેવી કોઇ વિગત કોર્ટના રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ નિવડેલ છે. ત્યાર બાદ આંક-૭૨ થી વાદીનો પુરાવો પુરો થયાની પુરસીસ રજુ રાખવામાં આવેલ છે.

(૧૩) ત્યારબાદ આંક-૭૩ થી પ્રતિવાદીએ સરતપાસનુ સોગંદનામુ રજુ રાખેલ છે. તેમાં દાવા જવાબની વિગતોનુ પુનરાવર્તન કરેલ છે. તેની વિગતવારની ઉલટ તપાસ વાદીના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ છે. જેમાં પ્રતિવાદી સ્વીકારે છે કે જમીનના એકત્રીકરણ થયાં બાદ બ્લોક સર્વે નં. ૬૧૯ તથા ૬૧૯/અ બનેલ, વધુમાં તેઓને લીમડાનુ ઝાડ કાપવા અંગેના પ્રશ્નો પુછેલા છે. તેમજ લેન્ડ ગ્રેબીંગની ફરીયાદ અંગેના પણ પ્રશ્નો પુવામાં આવેલ છે. જે ઉપરથી વાદી પક્ષ જમીનનો કબજો વાદી પાસે હોવાનુ સાબિત કરવાનો પ્રયત્ન કરી રહેલા છે. પરંતુ પ્રતિવાદી જણાવે છે કે આ લેન્ડ ગ્રેબીંગની ફરીયાદ થયા બાદ મે જમીનનો કબજો વાદી પાસેથી પરત મેળવી લીધેલ છે. લેન્ડ ગ્રેબીંગની ફરીયાદ થઇ તે વખતે જમીનનો કબજોવાદીનો હતો તેવુ પ્રતિવાદી સ્વીકારે છે અને આ કબજો પાછો મેળવી લીધાની વિગત તેના દાવા જવાબ અને સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી તેવુ પણ તેઓ સ્વીકારે છે. વધુમાં પ્રતિવાદી સ્વીકારે છે કે વાદીએ આ જમીન ગેરકાયદેસર રીતે લઇ લીધેલ હોય તેમની સામે દાવાવાળી જમીનનો કબજો મેળવવા લેન્ડ ગ્રેબીંગની ફરીયાદ કરવા સીવાય અન્ય કોઇ કાર્યવાહી કરેલ નથી. વધુમાં તેઓ સ્વકારે છે કે માતા-પિતા અને તેમના ભાઇઓ વચ્ચે જે તે વખતે મિલકતની જમીન વહેંચણી થઇ ગયેલ. દાવાવાળી ૨૪ ગુઠા જમીનનો હીસ્સો મળી જમીન માપીએ તો દરેકના હીસ્સા સરખા છે. આમ પ્રતિવાદીની ઉલટ તપાસ ઉપરથી અને તેમને પુછવામાં આવેલ પ્રશ્નો ઉપરથી તેવુ જણાય આવે છે કે સને-૧૯૮૨ માં જે ફેરફાર નોંધ પડેલી તે મુજબ સને-૨૦૧૯ સુધી વાદી પ્રતિવાદી વચ્ચે કોઇ તકરાર ન હતી. પરંતુ ૨૦૧૯ ના વર્ષમાં રસ્તા અંગેની તકરાર થયેલી અને લીમડાનુ ઝાડ કાપવા અંગેની તકરાર થતાં વાદીએ પ્રતિવાદીનો સર્વે નં. ૬૧૯ વાળી જમીનમાં કબજો લઇ લીધેલો અને જે અંગે પ્રતિવાદીએ લેન્ડ ગ્રેબીંગની ફરીયાદ દાખલ કરતાં વાદીએ સદર કબજો પ્રતિવાદીને પરત સોંપેલો છે. આમ દાવાવાળી મિલકતનો કબજો હાલ પ્રતિવાદીનો હોવાનુ સાબીત થાય છે.

ત્યારબાદ પ્રતિવાદી તરફે આંક-૯૪ થી તેમનો પુરાવો પુરો થયાની પુરસી રજુ રાખવામાં આવેલ છે. ત્યાર બાદ બંન્ને પક્ષોની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૧૪) આમ, રજુ તમામ સાહેદની જુબાની તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં મોજે ગામ ખાંધલી, તા.વસો સર્વે નં. ૬૧૯ કે જેનુ ક્ષેત્રફળ હે.૦-૭૫-૮૮ આરે. વાળી જમીન આંક-૯૮ થી રજુ નોંધ નં. ૧૫ મુજબ પ્રતિવાદીના પિતા ચીમનભાઇના ભાગે આવેલ હોવાનુ જણાઇ આવે છે અને તે પૈકીની ૦-૨૪-૦૦ ગુઠા જમીન અંગે અલગથી કોઇ લખાણ કરેલ હોય કે કોઇ નોંધ કરેલ હોય તેવુ જણાઇ આવતું નથી. સદર સમગ્ર સર્વે નંબર ચીમનભાઇના નામે આવેલ હોવાનું જણાય છે તથા વહેંચણી મુજબ વાદીના પિતા કાંતીભાઇના નામે પણ કુલ પાચં સર્વે નંબર વાળી જમીનો આવેલ હોવાનુ જણાઇ આવે છે. આમ રજુ પુરાવા તથા સાહેદોની જુબાનીથી વાદી તેવુ સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે કે સર્વે નં. ૬૧૯ પૈકી ૦-૨૪-૦૦ ગુઠા જમીન વાદીની વહેંચણીથી કાયદેસર કબજા ભોગવટામાં આવેલી છે. જેથી **મુદ્દા નં. ૧** નો જવાબ **''નકારમાં''** આપવામાં આવે છે.

(૧૫) મુદ્દા નં. ૨ પરત્વે નોધંવાનુ કે હાલનો દાવો સર્વે નં. ૬૧૯ પૈકીની ૦-૨૪-૦૦ ગુઠા પુરતો કરવામાં આવેલ છે અને આ જમીન સને-૧૯૮૨ માં થયેલી વહેંચણી ફેરફાર નોંધ મુજબ ચીમનભાઇ મગનભાઇ પટેલના ભાગે આવેલ છે અને ચીમનભાઇ મગનભાઇ પટેલના વારસદાર દરજજે નોંધ નં. ૧૩૬૮ થી તેમના પત્નિ કૈલાશબેન, પુત્ર રાકેશભાઇ, પ્રકાશભાઇ તથા દીકરી નિમિષાબેનના નામ દાખલ થયેલા અને ત્યારબાદ નોંધ નં. ૧૩૬૯ થી નિમિષાબેનનુ નામ કમી થયેલ. આમ કૈલાશબેનનુ નામ હાલ પણ રેકર્ડ ઉપર ચાલતુ હોય. વાદીએ હાલના દાવામાં કૈલાશબેન ચીમનભાઇ પટેલને પક્ષકાર તરીકે જોડેલ નથી. જેથી વાદીના દાવાને પક્ષકારોનો બાધ નડે છે, તેવુ રેકર્ડ ઉપરથી સાબીત થાય છે જેથી **મુદ્દા નં. ૨** નો જવાબ **''હકારમાં''** આપવામાં આવે છે.

(૧૬) મુદ્દા નં. ૩ પરત્વે નોંધવાનુ કે, ફેરફાર નોંધ નં. ૧૫ તા.૨૦/૧૧/૮૨ ના રોજ પડેલી ત્યારથી સને-૨૦૧૯ સુધી વાદીએ સર્વે નં. ૬૧૯ અંગે કોઇ વાંધો તકરાર કે દાવો કરેલ નથી. પરંતુ તેઓને રસ્તા અંગેના પ્રશ્ન ઉપસ્થિત થતાં તેઓ હાલનો દાવો લાવેલ છે. તેમજ વાદીના સાહેદની ઉલટ તપાસમાં તેઓ પણ સ્પષ્ટ રીતે જણાવતા નથી કે વાદી દાવાવાળી જગ્યામાં ખેતી કરે છે કે કબજો ભોગવટો ધરાવે છે. તેમજ

પ્રતિવાદી પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે દાવાવાળી જમીનનો કબજો હાલ તેઓની પાસે છે. આમ રેકર્ડ ઉપર આંક–૯૮ થી રજુ ફેરફાર નોંધ નં. ૧૫ ધ્યાને લેતા તથા તમામ સાહેદોની જુબાની વંચાણે લેતા સ્થળ ઉપર વાદીનો કોઇ લાગ ભાગ, હકક, હીસ્સો, હીત કે કબજો આવેલ હોવાનુ સાબીત થતું ન હોય અને પ્રતિવાદી પોતાનો કબજો હોવાનુ તથા આ મિલકત તેમના પિતાના ભાગે આવેલ હોવાનુ સાબીત કરવામાં સફળ રહેલા હોય જેથી **મુદ્દા નં. ૩** નો જવાબ **''હકારમાં''** આપવામાં આવે છે.

(૧૭) મુદ્દા નં. ૪ પરત્વે નોંધવાનુ કે પક્ષકારના દાદા મગનભાઈનુ અવસાન થયા બાદ સને–૧૯૭૫માં મગનભાઇના ચાર દીકરા વચ્ચે ઘરમેમળે મિલકતની વહેંચણી થયેલ હોવાનુ રજુ પુરાવા ઉપરથી સાબીત થાય છે અને તે અંગેની ફ્રેફાર નોંધ નં. ૧૪ તથા ૧૫ તા.૨૦/૧૧/૮૨ ના રોજ પાડવામાં આવેલ છે. જે પૈકીની નોંધ નં. ૧૫ મુજબ દાવાવાળી સર્વે નં. ૬૧૯ ની જમીન ચીમનભાઇના ભાગે ગયેલ હોવાનુ જણાય આવે છે અને ચીમનભાઇના અવશાન બાદ આ જમીનમાં નોંધ નં. ૧૩૬૮ તથા ૧૩૬૯ થી વારસાઇ નોંધ પડેલી છે અને ચીમનભાઇના વારસદારોના નામ પણ દાખલ થયેલા છે. આ જમીનમાં ચીમનભાઇએ બોરકુવો બનાવેલ છે અને આ જમીન ઉપર ચીમનભાઇ તથા તેમના વારસદારોએ લોન પણ લીધેલ છે. આ તમામ તબકકે વાદી દ્વારા કોઇ પણ પ્રકારનો વાંધ વિરોધ રજુ કરવામાં આવેલ નથી કે કોઇ સક્ષમ સત્તાધિકારી સમક્ષ ફરીયાદ કરવામાં આવેલ નથી અને સીધો હાલનો દાવો તા.૧૩/૧૨/૧૯ ના રોજ અત્રેની અદાલત સમક્ષ દાખલ કરવામાં આવેલ છે. આમ, ફેરફાર નોંધ નં. ૧૫ તા.૨૦/૧૧/૮૨ ના રોજ પડી ત્યારથી આશરે ૩૭ વર્ષ જેટલા સમય વિત્યા બાદ હાલનો દાવો લાવવામાં આવેલ છે જેથી હાલનો દાવો સ્પષ્ણપણે સમય મર્યાદા બહારનો હોવાનુ રેકર્ડ ઉપરથી ફલીત થાય છે. જેથી **મુદ્દા નં. ૪** નો જવાબ **''હકારમાં''** આપવામાં આવે છે.

(૧૮) મુદ્દા નં. ૫ પરત્વે નોંધવાનું કે, વાદીએ પોતાની દાવ અરજીના પેરા–૫ માં જુદી જુદી દાદ માંગેલ છે. પરંતુ ઉપર મુદ્દા નં. ૧ થી ૪ માં ચર્ચા કરી તે મુજબ વાદી પોતાનો પક્ષ રજુ પુરાવા ઉપરથી સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જયારે પ્રતિવાદી મુદ્દા નં. ૨ થી ૪ સાબીત કરવામાં સફળ નિવડેલ છે. ત્યારે વાદીને દાવામાં માંગ્યા મુજબની કોઇ પણ દાદ અપાવી શકાય તેમ નથી. જેથી **મુદ્દા નં. ૫** નો જવાબ **''નકારમાં''** આપી **મુદ્દા નં. ૬** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવો ન્યાયના

હિતમાં ઉચિત જણાય છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

(૧) આથી વાદીનો હાલનો દાવો નામંજુર કરવામાં આવે છે.

(૨) દાવાનો ખર્ચ વાદીએ ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ રોજ તારીખ ૦૬ ઠી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ–૦૬/૦૩/૨૦૨૬ (સૌમિત્ર સુબોધભાઇ ત્રિવેદી)

સ્થળ:– વસો પ્રિન્સિપાલ સીવીલ જજ, વસો

કોડ નંબર જી જે ૦૧૪૨૫